**જાહેરતંત્રની ફરજો :–**

જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪ હેઠળની સતાઓ કાયદાથી જીલ્લા કક્ષાએ કલેકટરશ્રીના અધિકારમાં અને કાર્યક્ષેત્ર હેઠળની ગણાય પરંતુ સુધારેલ કાયદાની કલમ–૫૨(ક) થી કલેકટરશ્રી તેમને યોગ્ય લાગે તે તેવી સતાઓ રાજય સરકારના હુકમો અનુસાર તાબાનાં નાયબ કલેકટરશ્રી કક્ષાનાં અધિકારીને સુપ્રત કરીને જમીન સંપાદનનુ કાર્ય હાથ ધરવામાં આવે છે.

**૨.૫ જાહેર તંત્રની મુખ્ય પ્રવૃતિઓ / કાર્યો.**

કેન્દ્ર સરકાર, રાજય સરકાર, જાહેર નિગમ, બોર્ડ તથા અર્ધસરકારી કચેરીનાં જાહેર હેતુઓ જેવા કે રોડ રસ્તા, નાની સિંચાઈ, રહેણાંક વિગેરે હેતુઓ માટે જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ ની જોગવાઈઓને આધિન સંપાદક સંસ્થાની જરૂરીયાત અન્વયે કાર્યવાહી તથા અમલવારી કરવા આ કચેરીની મુખ્ય કામગીરી અને ઉદ્દેશ છે.

**૨.૬ જાહેર તંત્ર ધ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષીપ્ત વિવરણ :**

જાહેર હેતુ માટે સબંધીત કચેરી કે જે સંપાદક સંસ્થા તરીકે તેમની દરખાસ્ત કલેકટરશ્રી સમક્ષ રજુ કર્યેથી, કલેકટરશ્રી સંપાદન હેઠળનાં કેસો નાયબ કલેકટરશ્રી કક્ષાનાં અધિકારીને જમીન સંપાદનની કાર્યવાહી થવા અધિકારો એનાયત કરે છે અને તે અંતર્ગત, જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતરની કચેરી મારફત સંયુકત માપણી હાથ ધરીને જરૂરીયાત મુજબની જમીનનું ક્ષેત્રફળ નકકી થયેથી ખાનગી માલિકોની જમીનો સંપાદન થવા માટે જમીન સંપાદન અધિનિયમની જોગવાઈ હેઠળ, જે તે જાહેર હેતુ માટે જમીનની જરૂરીયાતનો ઈરાદો સ્પષ્ટ કરવા કલમ– ૪ હેઠળ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે અંતર્ગત જાહેર જનતામાંથી કોઈ વાંધા તકરાર રજુ થાય તો તેનો યોગ્ય નિકાલ કરી, કલમ–૬ હેઠળનું આખરી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ત્યારબાદ સંપાદન હેઠળ આવતી જમીનનાં વળતર, માપ, માલિકીહક્ક, જમીન સંપાદન થવાથી કોઈ મિલકતને નુકશાન થવા સંભવ હોય અથવા થનાર હોય, તો તે સબંધે વળતરનાં હકક–દાવા રજુ કરવા કાયદાકીય જોગવાઈ અનુસાર સંપાદન હેઠળ આવતી જમીનોનાં આસામીઓને રજુઆતની તક આપીને વળતર અંગે યોગ્ય નિર્ણય કરવામાં આવે છે.

ત્યારબાદ જમીનની બજારકિંમતો, સંપાદન હેઠળ આવતી બાંધકામની મિલકતો ની બજારકિંમતો નકકી થવા કાયદાકીય તેમજ વખતોવખતની રાજય સરકારની સુચનાઓને અનુસરી બજારકિંમત નકકી કરી તે અંતર્ગત કાયદાની કલમ–૧૧ હેઠળ એવોર્ડ જાહેર કરવામાં આવે છે.

એવોર્ડની નકલ સબંધિત તમામ આસામીઓને આપવામાં આવે છે. જેમાં બજારકિંમત તેમજ માલિકીહકક સબંધની વિસ્તૃત છણાવટ કરવાની જોગવાઈ છે અને ત્યારબાદ જે તે ગામે કેમ્પ કરી વળતરની રકમનાં ખાતાનાં ચેક સબંધીત આસામીઓને ચુકવી આપવા પ્રથા છે.

એવોર્ડ હેઠળ વળતર ચુકવાઈ જતાં સબંધીત ખાતેદારો પાસેથી સંપાદન કરવામાં આવેલ જમીનનાં કબ્જા મેળવીને સંપાદક સંસ્થાને સુપ્રત કરતાં જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થાય છે.

જમીન સંપાદન અધિનિયમ કલમ–૧૧ હેઠળનો એવોર્ડ આખરી થયા બાદ નિયત સમયમર્યાદામાં સબંધીત આસામીઓ તેમને એવોર્ડ હેઠળ નકકી કરવામાં આવેલ વળતરની રકમ સામે દિવાની કોર્ટમાં દાવો લાવવા માટે લેન્ડ રેફરન્સ ઉપસ્થિત થયે આવા લેન્ડ રેફરન્સો સબંધીત કોર્ટોને મોકલી આપવામાં આવે છે અને ત્યારબાદ કોર્ટ પ્રક્રિયા શરૂ થતાં તેમાં મુદતે સરકાર પક્ષે બચાવકાર્ય કરવામાં આવે છે અને તે જ રીતે આવા કિસ્સાઓ નામદાર હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટ સુધી પણ લંબાય ત્યારે તે અંતર્ગત અત્રેથી બચાવકાર્ય હાથ ધરવામાં આવે છે.

**૨.૭ જાહેરતંત્રના રાજય નિયામક કચેરી, પ્રદેશ જિલ્લો, બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ :–**

રાજય સરકારના મહેસુલ વિભાગ હેઠળ જિલ્લા કલેકટરશ્રી તેમના કાર્યક્ષેત્રમાં જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪ હેઠળની કામગીરીની અમલવારી હાથ ધરે છે અને આ અંતર્ગત તેમની સતાની રૂઈએ તેમની વધારાની કામગીરી રાજય સરકારના હુકમો અનુસાર નાયબ કલેકટર સંર્વગના અધિકારીને આ કાયદા હેઠળની કામગીરી સતાઓ સુપ્રત કરીને કાયદાની અમલવારી હાથ ધરવામાં આવે છે.

તે મુજબ રાજકોટ જીલ્લા વિસ્તારનાં સ્ટેટ તેમજ પંચાયત હસ્તકનાં રોડ–રસ્તા તેમજ જીલ્લા પંચાયત હસ્તકની નાની સિંચાઈ યોજનાઓ જેવા જાહેર હેતુ માટે જમીન સંપાદનનુ કાર્ય આ કચેરીનું મુખ્ય કાર્યક્ષેત્ર છે.

**૨.૮ જાહેર તંત્રની અસરકારતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ :–**

આ કચેરી પાસે જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪ મુજબની કાયદાકીય જોગવાઈ અને કેસવર્ક હોઈ, નિયમ અનુસાર નકકી કરેલ ચોકકસ પદ્ધતિ તેમજ રાજય સરકાર તરફથી વખતો વખત થયેલ સુધારાઓ અંર્તગત સમયમર્યાદામાં કામગીરી કરવાની રહે છે.

**૨.૯ લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતીઓ :–**

નિયત કાયદા હેઠળ કેસ વર્ક હોવાથી લોક સહયોગની બાબત પ્રત્યક્ષ રીતે લાગુ પડતી નથી.

**૨.૧૦ સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરીયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર :–**

જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪ ની અમલવારી આ કચેરીમાં સીધી રીતે નાયબ કલેકટરશ્રી અને ખાસ જમીન સંપાદન અધિકારીની દેખરેખ હેઠળ કરવામાં આવે છે. તેમ છતાં વહીવટી કામગીરીમાં કોઈ લોક ફરીયાદ અથવા રજુઆત હોય તો કચેરીનાં વડા તરીકે નાયબ કલેકટરશ્રી અને ખાસ જમીન સંપાદન અધિકારી પોતાની દેખરેખ હેઠળ કામગીરી હાથ ધરી નિકાલ કરવાની પ્રથા છે.

**૨.૧૧ મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓના સરનામાંઃ–**

**મુખ્ય કચેરી :–**

(૧) કલેકટર કચેરી, વેસ્ટ હોસ્પીટલ કમ્પાઉન્ડ, રાજકોટ

(૨) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

| | | |
|---|---|---|
| ૨.૧૨ | કચેરી શરૂ થવાનો સમય | સવારનાં ૧૦ઃ૩૦ કલાકથી |
| | કચેરી બંધ થવાનો સમય | સાંજના ૬ઃ૧૦ કલાકે |